Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૦૮/પુસ્તક : ૮૮

સને : ૧૯૯૦-૯૧

સંવત : ૨૦૪૭

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

# શ્રી આત્માનંદ પ્રકાશ

## વાર્ષિક ફાઇલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

*

નવકારમંત્ર શ્રુતજ્ઞાનનો સાર છે, તેથી તેને ગણવાથી તથા તેનો સ્વાધ્યાય કરવાથી પણ શ્રુતજ્ઞાનની આરાધના થાય છે, તેથી જ્ઞાનાવરણીય કર્મ ખપે છે, જ્ઞાનાવરણીય કર્મ ખપવાથી આપણા આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

*

પુસ્તક : ૮૮
અંક : ૧

કારતક
નવેમ્બર
૧૯૯૦

આત્મ સંવત ૯૫
વીર સંવત ૨૫૧૬
વિક્રમ સંવત ૨૦૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | શ્રી હિરાલાલ બી. શાહ | ૧ |
| (૨) | ધર્મશિક્ષણની અનિવાર્યતા | પ. પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.સા. | ૪ |
| (૩) | ગિરિરાજ યાત્રા સપ્તપદી સોપાન ત્રીજું | પ. પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.સા. | ૧૦ |
| (૪) | વૃત્તિઓ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૩ |
| (૫) | લંડન-બકીંગહામ પેલેસમાં પ્રિન્સ ફિલિપ્સના હસ્તે જૈન ધર્મના પુસ્તકનું વિમોચન | — | ૧૪ |
| (૫) | ઉભયનયની આવશ્યકતા | પ. પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. સા. | ૧૬ |



## આ સભાના નવા આજીવન સભ્ય

**(૧) શ્રી ધર્મેન્દ્રકુમાર નવિનચન્દ્ર શાહ (બારદાનવાળા) ભાવનગર**

**(૨) શ્રી નગીનદાસ મોહનલાલ સંઘવી ભાવનગર**

## સુવિચાર

મોક્ષનું મૂળ વિનય છે. વિનય વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના દર્શન નથી. દર્શન વિના ચારિત્ર નથી. ચારિત્ર વિના મોક્ષ નથી. મતલબ કે-મોક્ષને માટે ચારિત્રની જરૂર છે. ચારિત્ર માટે શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાન માટે વિનયની જરૂર છે.

જીવનને ઊંચે લઇ જનારા પગથિઆ ત્રણ
જિનભક્તિ, જીવમૈત્રી, અને જડ વિરક્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

## નૂતન વર્ષના મંગલ પ્રભાતે

શ્રી હીરાલાલ બી. શાહ

**શ્રી** જૈન આત્માનંદ સભાએ જ્ઞાન પ્રદીપનું એક નાનું સરખું વિદ્યામંદિર છે. શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના વિ. સં. ૧૯૫૨ના બીજા જેઠ સુદિ બીજ તા. ૧૩-૬-૧૮૯૬ના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. જૈન સમાજના વ્યવહારિક, ધાર્મિક અને શૈક્ષણિક વિકાસ માટે એક માસિક પત્રની આવશ્યકતા જણાતી હતી. આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા વિ. સં. ૧૯૫૯ના અષાઢ સુદિ પાંચમના મંગળ દિવસે શ્રી આત્માનંદ પ્રકાશ નામનું માસિક શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો. અને વિ. સં. ૧૯૫૯ના શ્રાવણ માસમાં પ્રથમ અંક પ્રકાશિત કરવામાં આવ્યો. શ્રી આત્માનંદ પ્રકાશ માસિક ૮૭ વર્ષો પૂરા કરીને ૮૮માં વર્ષમાં પ્રવેશ કરે છે. એ આપણા બધાને માટે ખૂબજ ગૌરવનો વિષય છે.

શ્રી આત્માનંદ પ્રકાશ કોઇપણ પ્રકારની જાહેર ખબર લીધા સીવાય, આત્મદાન પ્રસરાવતું સદ્-જીવન અંગે અમૃતપાન કરાવતું, પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. માસિક દ્વારા જૈનધર્મ જૈન દર્શન અને જૈન સાહિત્યનો યથાશક્તિ પ્રચાર થાય છે.

અમો માસિકમાં વિદ્વાન પૂ૦ ગુરુભગવંતોના લેખો, પૂ૦ સાધ્વીજી મહારાજના લેખો, વિદ્વાન ભાઇઓ અને બહેનોના લેખો જૈનધર્મના તત્વજ્ઞાનના લેખો, કર્મ અને ભક્તિના લેખો અને જૈન ઇતિહાસના લેખો રજૂ કરીને યથાશક્તિ જૈન શાસનની સેવા કરવા અભિલાષા રાખીએ છીએ. આત્મોન્નતિ અને સમાજોન્નતિ તરફ પ્રેરે એવા સમાચાર પ્રગટ કરીએ છીએ. પૂ૦ ગુરુભગવંતો, પૂ૦ સાધ્વીજી મહારાજો, વિદ્વાન ભાઇઓ અને બહેનો પોતાના લેખો નિયમિત મોકલતા રહે તે માટે વિનંતી કરીએ છીએ.

આ સભા પોતાના જ મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને મુંબઈના દૈનિક છાપાઓ વાંચવા માટે મૂકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં આવે છે સુંદર, સ્વચ્છ અને આધુનિક સગવડ વાળા આ વાચનાલયનો અનેક વ્યક્તિઓ સારો લાભ લે છે.

આ સભા સારી લાઈબ્રેરી ચલાવે છે. જેની અંદર જૈનધર્મના પ્રતો, જૈનધર્મના પુસ્તકો, સંસ્કૃત-પ્રાકૃત, અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી પુસ્તકો છે. જૈન યુવકો ધર્મપ્રેમી અને સાહિત્ય પ્રેમીબને, સારાં સારાં પુસ્તકો વાંચવાની અભિરુચિ તેમનામાં જાગે અને તેમને સારા સંસ્કારો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનના ઉચ્ચ ઘડતર માટે પ્રેરણા મળે તે ઉદ્દેશથી આ લાઇબ્રેરી ચલાવવામાં આવે છે. આ લાઈબ્રેરીનો લાભ પ. પૂ૦ ગુરુભગવંતો અને પૂ૦ સાધ્વીજી મહારાજો ચોમાસા દરમ્યાન અભ્યાસ કરવા માટે સારા પ્રમાણમાં લાભ લે છે. જૈન અને જૈનેતર ભાઈઓ અને બહેનો વર્ષ દરમ્યાન સારા પ્રમાણમાં લાભ લે છે.

અન્ય પ્રવૃત્તિઓ :-

૧. સવંત ૨૦૪૬ના કારતક શુદ એકમના રોજ બેસતાં વર્ષની ખુશાલીમાં મંગલમય પ્રભાતે સવારના ૯-૩૦થી ૧૧-૦૦ સુધીમાં સભ્યોનું સ્નેહ મિલન અને દુધપાર્ટી રાખવામાં આવી હતી.

૨. સંવત ૨૦૪૬ના જ્ઞાનપંચમીના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા. સવારના ૬-૦૦થી રાત્રીના ૯-૦૦ વાગ્યા સુધીમાં શ્રી સંઘના ભાઈઓ અને બહેનોએ સારી સંખ્યામાં દર્શન અને જ્ઞાનપૂજાનો લાભ લીધો હતો.

૩. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુ ભક્તિ નિમિત્તે આ સભાના હોલમાં સવંત ૨૦૪૬ના આસો શુદિ દશમને દિવસે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી પ્રભાવના કરવામાં આવી હતી.

ધાર્મિક પ્રવૃત્તિઓ :-

૧. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સવંત ૨૦૪૬ના કારતક વદ તેરસને રવિવારે તા. ૨૬-૧૧-૮૯ના રોજ શ્રી તળાજા તિર્થનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. સવાર-સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામી ભક્તિ કરવામાં આવી હતી.

૨. સવંત ૨૦૪૬ના માગસર વદી પાંચમને રવિવારના રોજ શ્રી ઘોઘા તીર્થ ઉપરનો યાત્રા કરવા ગયા હતા. ખૂબજ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. ખૂબજ આનંદ, ઉત્સાહ અને ભક્તિ પૂર્વક શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. સવાર-સાંજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૩. સવંત ૨૦૪૬ના મહાવદ અમાસને રવિવારના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપરનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતાં. સવાર-સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની ભકિત કરવામાં આવી હતી શ્રી ગિરીરાજ ઉપર દાદાજીના રંગમંડપમાં નવ્વાણું પ્રકારી પૂજા ભણાવવાનાં આવી હતી.

૪. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૫૪મો જન્મ જયંતિ મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ પાલીતાણા મુકામે સં. ૨૦૪૬ના ચૈત્ર શુદી ૧ને મંગળવારના રોજ આ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં પૂજા ભણાવવામાં આવી હતી. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની દેરી છે. ત્યાં મહારાજની મૂર્તિની ફુલોની અંગરચના કરવામાં આવી હતી. સવાર-સાંજ ગુરુભકિત તેમજ આવેલ સભાસદોની સ્વામીભકિત કરવામાં આવી હતી.

૫. શ્રી જૈન આત્માનંદ સભાનો ૯૪મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરી ઉપર સવંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૦૪૬ના જેઠ સુદ ૩ને રવીવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી તાલધ્વજ ગિરીરાજ ઉપર રાગરાગણી પૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. આ સભાના આવેલ સભ્યોની સવાર સાંજ સ્વામીભકિત કરવામાં આવી હતી.

૬. આ સભા તરફથી તા. ૧૬-૯-૯૦થી તા. ૧૮-૯-૯૦ સુધીનો ત્રણ દિવસનો કેસરીયાજી, ઉદેપુર, રાણકપુરજી, મૂછાળા મહાવીર, બ્રાહ્મણવાડા, જીરાવલા, ભીલડીયાજી, ઉણ, શંખેશ્વર તીર્થ અને ઉપરિયાજી તીર્થનો એક લકઝરી બસ દ્વારા યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો.

ધાર્મિક અને અન્ય કેળવણીના ઉત્તેજન અંગેની પ્રવૃત્તિઓ :-

આ સભા તરફથી "શ્રી નમસ્કાર મહામંત્ર" ની લેખિત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રી ભાવનગર સંઘના ૧૫ થી ૩૫ વર્ષ સુધીના ૨૬ ભાઇઓ અને બહેનોએ ભાગ લીધો હતો. "નમસ્કાર મહામંત્ર" નો મહિમા પ્રભાવ, વ્યાપકતા અને અલૌકીકતા વિગેરે ઉપર દરેકે પોતાની મૌલિક ભાષામાં આઠ પાનાનો નિબંધ લખ્યો હતો. પ. પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ૦ પન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ અને મુનિ મહારાજ સાહેબોની શુભ નિશ્રામાં તા. ૮-૭-૯૦ને રવિવારના રોજ વ્યાખ્યાન સમયે તમામ સ્પર્ધકોને ઇનામો આપવાનો ભવ્ય સમારંભ નુતન ઉપાશ્રયે યોજવામાં આવ્યો હતો. પહેલા ત્રણ આવેલા સ્પર્ધકોને આકર્ષક ઇનામો આપવામાં આવ્યા હતા. બાકીના બધાને ઇનામો આપવામાં આવ્યા હતા.

સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે સને ૧૯૯૦ની સાલની S.S.C. પરીક્ષામાં સંસ્કૃત વિષય લઇને અને સંસ્કૃતમાં ૮૦ ટકા ઉપરના માર્કસ મેળવીને પાસ થયા હોય તેવા શ્રી ભાવનગર સંઘના કુલ ૧૫ વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોને કુલ રૂા. ૮૭૫ના પારિતોષીક ઇનામો આપવામાં આવ્યા હતા. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ તપાસંઘમાંથી જરૂરીયાતવાળા ભણતા વિદ્યાર્થી ભાઇઓને જેઓએ કોલેજમાં ફી ભરી હોય તેવા કુલ ૨૫ વિદ્યાર્થીભાઇઓને વર્ષ દરમ્યાન રૂા. ૪૨૦૦ અંકે રૂપિયા બેતાલીસોની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવી હતી.

"દ્વાદશારં નયચક્રમ્" ભાગ ૧, ૨, ૩. સંપાદક પૂજ્ય જ્ઞાન તપસ્વી, દર્શન પ્રભાવક અને શ્રુતસ્થવિર મુનિપ્રવર શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ અને અન્ય પુસ્તકો જે ટાઇટલ પેજ ઉપર દર્શાવેલ છે, તે પુસ્તકો પૂજ્ય ગુરુદેવ ભગવંતો, ભારતના અને પરદેશના જૈન અને જૈનેતર વિદ્વાનો અભ્યાસ માટે મંગાવે છે. તે બધાને આ સભા મોકલે છે.

પ. પૂ૦ ગુરુભગવંતો, પૂ૦ સાધ્વીજી મહારાજો, આ સભાના કાર્યવાહકો, પ્રેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ અને સભાના હિતેચ્છુઓએ જે સાથ અને સહકાર આપેલ છે તે બધાનો ખૂબજ આભાર માનવામાં આવે છે. નુતન વર્ષ આપ સર્વેને આનંદમય, સુખ, શાંતિ-આરોગ્ય, ધર્મવર્ધક, સ્વાધ્યાયલક્ષી અને આત્મ કલ્યાણમય બનો તેવી પરમાત્માને પ્રાર્થના છે,

"જૈ ન મ્ જ ય તિ શા સ ન મ્"

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મશિક્ષણની અનિવાર્યતા

* પૂ૦ પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ. *

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા અને તેમના લોકોત્તર શાસન જોડે આપણે એવો સંબંધ બાંધવો છે કે ભવાંતરમાં પણ આપણને આ શાસન ફરીથી મળે. વ્યવહારમાં પણ આપણે એવી કુનેહથી જીવીએ છીએ કે, સંબંધોમાં બન્નેની મીઠાશ જળવાઇ રહે, અને ફરીથી તે આપણને બોલાવે. આમાં તમે બીજા માટે જેટલા વધુ ઘસાવ છો, તેટલો સંબંધ વધુ સારો રહે છે; એકતરફી સંબંધ ટકતો નથી. તમે એક વ્યકિત માટે કામ કર્યા જ કરો અને સામેથી એનો જવાબ ન મળે તો, અંતે થાકીને, તમારે તમારા સંબંધની મર્યાદા સંકેલવી પડે છે, ઘટાડવી પડે છે. સામે પક્ષે, તમે કંઇ ન કરો ને બીજા તમારા માટે ઘસાતા જ રહે, તોપણ એવો સંબંધ ટકી શકતો નથી. આવા સંબંધો પરસ્પર સાપેક્ષ હોય છે. તે જ રીતે આપણને આ શ્રી જિનેશ્વરદેવના શાસને ઘણું આપ્યું છે, હવે તેનો સંબંધ જાળવી રાખવો હોય તો તેની ઉપાસના કરવી જોઇએ; જીવનમાં તેને સ્થાન આપવું જોઇએ.

ઋણને ફેડવાની ઇચ્છા, સમજ અને પ્રયત્ન સજ્જનોને હોવાં જોઇએ. આપણા માથે આ શાસનનું મોટું કરજ છે. તે ચૂકવવું તે આપણી ફરજ છે. દુર્જનોને દેવું કરવામાં જ રસ, ચૂકવવાની વાતમાં તેમને રસ પડતો નથી. આપણે સજ્જન બનવું છે. શાસનના આપણી ઉપરના ઋણને સ્વીકારો.

સંસારનો સંસર્ગ નિરંતર રાખ્યો અને કોઇ દિવસ તે સંસર્ગને ઇચ્છાપૂર્વક છોડીને ધર્મના સંસર્ગમાં આવ્યા નહીં. આવ્યા તો એમાં મનને પરોવ્યું નહીં. માટે જ આટલાં વર્ષોથી નવકારને ગણવા છતાં એ હૃદયમાં સ્થપાયો નહીં. નવકાર એ પાયો છે. જો તેના માટે જ આપણે આટલા બધા બેદરકાર છીએ, તો ચણતર કે શિખર માટેની અપેક્ષાઓ રહેવાની જ નહીં. નવકાર એ બિન્દુ છે. આગળ જતાં સમુદ્ર જેવા વિશાળ ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગ, જેવા કઠિન વિષયો આવે છે

તમારામાં બુદ્ધિ છે. વેપારમાં સરકાર જેટલા કાયદા ઘડે છે, તેની સામે તેટલાજ અપવાદ તમે શોધી શકો છો. તો હવે એ બુદ્ધિને તત્ત્વજ્ઞાનમાં વાપરો. સંખ્યાની ઊણપ બધે જ–જિનમૂર્તિ, જિનમંદિર વગેરે ક્ષેત્રોમાં–ઓછી થતી ગઇ છે. પણ જ્ઞાનક્ષેત્રે આપણે ઘણા પાછળ છીએ; આપણે જ્ઞાનની ઉપેક્ષા કરીએ છીએ. "ઉપાધ્યાય તે શિષ્યને સુત્ર ભણાવણહાર", એમ કહ્યું છે અને આપણે ત્યાં ઉપાધ્યાય અનેક છે, છતાં જ્ઞાનના ક્ષેત્રમાં દરિદ્ર છીએ. બીજાં બધાં ક્ષેત્રોમાં થોડા–સમ ખાવાપૂરતા પણ–આગળ વધ્યા છીએ, અને વિસ્તાર પણ સાધ્યો છે. બીજે વિપુલતા (Quantity) ભલે વધારી, પણ ગુણવત્તા (Quality) અને ઊંડાણ નથી આવ્યાં. તપશ્ચર્યા, ક્રિયા, ઉજમણાની સંખ્યા વધારી છે, પણ જ્ઞાનવૃદ્ધિ માટે શું કર્યું? પાઠશાળામાં કેટલાની હાજરી હોય છે? ત્રણસો ઘરમાં ૧૦૦ વિદ્યાર્થી જેટલી પણ સંખ્યા થાય છે ખરી? અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘર કેટલાં? આટલી પણ સંખ્યા નથી થતી તો તેના ઉપાયોની ચિંતા–વિચારણા તમે કેટલી કરો છો? આજનો છોકરો આવતી કાલનો શ્રાવક છે, એ ભુલશો નહીં. શાસનને પામ્યા પછી માત્ર અર્થપરાયણ જીવન જીવશો તો શાસનની પ્રાપ્તિ ફળશે નહીં. તમને કોઇ પૂછે કે તમે આરોગ્ય ઇચ્છો છો કે અર્થ? તમે કહેશો, આરોગ્ય. જેમ આરોગ્યના ભોગે અર્થ મેળવવા ઇચ્છતા નથી, તેવી રીતે ભવિષ્યની પેઢીની ચિંતા નેવે મૂકીને બીજી બધી બાબતોમાં નચિંત બની જઇશું તો, ભાવી શી રીતે ઉજ્જવળ બનશે? તમે સમજો છો કે શરીર સારું હશે તો જ પૈસા કામના છે, પણ રોગી હોઇશું તો પૈસાને શું કરવાના છે? તેમ આ લોકની ચિંતા પાછળ જે દિવસ–રાત વિતાવે અને પરલોકનો વિચાર પણ ન કરે, તે અંતે પસ્તાય છે. આજે એક છોકરો ૧૦ વર્ષનો છે, તે કાલે ૨૦ વર્ષનો થશે. ત્યારે કોઇ ક્રિયાની રુચિ, ધર્મનો રાગ અને જ્ઞાનની સમજણ તેની પાસે નહીં હોય તો એનો વિકાસ શી રીતે થશે?

માતા–પિતાથી અને ઘરના વાતાવરણથી વ્રત, પૂજા વગેરે ધર્મના થોડા સંસ્કારો પડયા હતા, તેના પરિણામે આજે ધર્મ કરવા જેવો છે એવી ભાવના તમારી રહી છે. પણ આજે જેનામાં સંસ્કાર અને શિક્ષણ [જ્ઞાન] નથી, તેનું શું થશે? સંસ્કાર એટલે ક્રિયા અને જૈન દર્શનની પરિપાટીનો પરિચય. આ સંસ્કારો આ પ્રમાણે છે: સાધુ મહારાજ આવે ત્યારે ઉભા થઈ જવું; તેઓ વહોરતા હોય ત્યારે ખાવું નહીં; રોજ સવારે જાગતાં નવકાર ગણવા; સાધુને શું ખપે? શું ના ખપે?–તેનું જ્ઞાન મેળવવું ભગવાનનાં દર્શન કરવાં; જિનમંદિરનું શિખર દેખાય એટલે નમો જિણાણં બોલવું; સાધુ મહારાજ કે સાધ્વીજી મહારાજ દેખાય ત્યારે મત્થેણ વંદામિ કહેવું; ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ ગુરુ મહારાજ પાસે લેવું—આ બધા જૈન સંસ્કારો કુળાચારની જેમ સહજ બની જવા જોઈએ.

નવકારશીનું પચ્ચક્ખાણ શું છે, ચૈત્યવંદન, ગુરુવંદન કેવી રીતે થાય, તે સમજવું જોઇએ, રોજ મા–બાપને પગે લાગવું: આ વાત તો હવે એક સ્વપ્ન જેવી બની ગઇ લાગે છે. અત્યારે માતા–પિતાના વિનયના આવા સંસ્કારો રહ્યા જ નથી, એવું તો નથી; કયાંક કયાંક એવાં અમી છાંટણાં અત્યારેય દેખાય છે, ૫૦ વર્ષનો પુત્ર પણ ૮૦ વર્ષના પિતાને પગે લાગનાર આજેય મળે છે; પણ બહુજ ઓછા. સંસ્કાર મેળવવાનાં આ ત્રણ સ્થાનો ગણાય—

(૧) ઘર—પચાસ ટકા સંસ્કારનું શિક્ષણ ઘરમાંથી જ મળતું. ૬–૭ વર્ષના થાય ત્યારે નિશાળે મુકતા. આજે તો બે-ત્રણ વર્ષની નાની ઉંમરમાંજ નિશાળે મૂકી બાળકને એક જાતના બંધનમાં મૂકી દેવામાં આવે છે. બાળક જેટલું વિખૂટું પડતું જાય છે, તેટલી લાગણી ઘટતી જાય છે.

અમેરિકાની પ્રવાસયાત્રાએ નીકળેલા એક સમીક્ષકે ત્યાંની પરિસ્થિતિનું બહુ બારીકાઇથી નિરીક્ષણ કર્યા પછી, એનું તારણ શોધવા પ્રયત્ન કર્યો કે ત્યાનાં અને અહીંના મા–બાપની લાગણીમાં તફાવત કેમ છે? દીકરો ઓફિસમાં હતો, ટેલીફોન આવ્યો કે પિતા બીમાર છે. તમે આવો, તમારી જરૂર છે. રીસિવર મુકાઇ ગયું. પછી દીકરાએ ઓફિસમાંથી જ ડોકટરને ફોન કર્યો કે તમારી તાકીદે જરૂર છે, મારા પિતા માંદા છે. એમને તરત દવાખાનામાં દાખલ કરો. અને હોસ્પિટલના ત્રીજે માળે ૮માં વોર્ડમા, ૨૩ નંબરની રૂમમાં એમને દાખલ કરવામાં આવ્યા. પછી પુત્ર તરત જ પોતાના કામમાં પરોવાઈ ગયો. ઇસ્પિતાલમાં જવાનો એનો વિચાર હતો, પણ આટલું કામ પતાવીને જઈશ, એવા વિચારથી એ ઓફિસે જ રહ્યો! એટલામાં હોસ્પિટલમાંથી ફોન આવ્યો કે, એ ભાઈ ગુજરી ગયા છે! એ સાભળી પુત્ર વિચારે છે કે, પિતા નથી રહ્યા તો હવે મારે જવાનું પ્રયોજન શું? તેથી એને શબ-વાહિની માટે ફોન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો અને જણાવ્યું કે એમના અંતિમ સંસ્કાર આપ પતાવી દેજો અને જે બિલ આવે તે મોકલી આપજો!

આ કોઇ કાલ્પનિક કથા નથી, વાસ્તવિક ઘટના છે તેઓને આ બાબતનો રંજ પણ નથી. લાગણીના કોઈ તંતુઓ ત્યાં રહ્યા નથી. આનું સંશોધન કરતાં તે ભાઈને જણાયું કે ત્યાં નાનપણથી જ બાળકોને વાત્સલ્ય મળ્યું નથી હોતું, એટલે પછી જે મળ્યું હોય તે જ આપી શકે ને? બાળક એક વર્ષનું હોય ત્યારથી જ સૂવા માટે જુદો બેડરૂમ મળે છે. જે બાળકને સ્નેહ–પ્રેમ-હૂંફ મળ્યાં નથી, તે બીજાને એ શી રીતે આપે? કોઈ માંદો પડે એની તેને ખબર પડે એટલે દવાઓનો હુમલો કરી દે કે ફૂલના ગુચ્છા આપી જાય, પણ તેટલું બસ નથી થતું. પણ અડધો કલાક બેસે તો ખબર પડે કે માંદા માણસને શું જોઇતું હોય છે? તેને મમતા, સ્નેહ, આશ્વાસન, ધીરજ અને હિંમતનો ખપ હોય છે. તેમાં તમે રસ લીધો છે? આ ટેવો સમજણ અને સંસ્કારથી આવે છે. અભણ માનવી પણ જો મા–બાપને ચાહે તો સમજવું કે તે સંસ્કારમાં આગળ છે.

(૨) પછી નિશાળમાંથી શિક્ષણ ને સંસ્કાર મળતા.

(૩) સાથે સાથે ,ધાર્મિક સંસ્થાઓમાંથી પણ સંસ્કારો મળતા હતા. આજે આ ત્રણે સંસ્થાઓ કથળી ગઇ છે. આજે ફરિયાદ બધા કરે છે, પણ તેના ઉપાયની તૈયારી કોઇની નથી. બાળકનું ૧૨ વર્ષ સુધીનું મન અત્યંત ઉચ્ચ કક્ષાના બ્લોટીંગ પેપર જેવું હોય છે, જે નાંખો તે ચૂસી જ લે; જેવું દેખે તેવું તરત જ કરવા લાગે.

તમારે બાળકને યોગ્ય બનાવવો હોય તો, એનું ૧૨ વર્ષ સુધી સતત ધ્યાન રાખવું જોઇએ, બહુ કાળજી રાખવી જોઇએ. આયુર્વેદમાં તો બાળક ગર્ભમાં હોય ત્યારથી તેની સંભાળ રાખવી જોઇએ એમ કહ્યું છે. અને ધીરે ચાલવું; વાસનાઓને શાંત રાખવી; ક્રોધ વગેરે કષાયો ન કરવા; અતિ તીખાં, કડવાં, ખારા, ખાટા પદાર્થો ન ખાવા વગેરે સૂચનાઓ ગર્ભવતી માતા માટે આપવામાં આવી છે. શરૂમાં કરેલો થોડો પરિશ્રમ મોટું ફળ આપનાર થશે; પછી જીવન પર્યંત સુખ રહેશે. આદર્શ માતા–પિતા બનવા માટે વ્યકિતએ પ્રથમ આદર્શ પુત્ર-પુત્રી બનવું પડે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, "ગુરુ બનતાં પહેલાં સાચા અર્થમાં શિષ્ય-વૃત્તિ કેળવવી જોઇએ." આપણી અપેક્ષાઓ અને આચરણ જુદા હોય છે. આપણી અપેક્ષા એવી હોય છે કે કોઇ મારી પાસે જૂઠું બોલે નહીં; અને આચરણમાં આપણે પોતે જ જૂઠું બોલતાં હોઈએ છીએ! આનું પરિણામ સારું કયાંથી આવે ?

એક જ કુટુંબના બધા સભ્યો સાથે બેસીને વાર્તા-વિનોદ કરતાં હોય એવાં કુટુંબો આજે કેટલાં મળે? એક-બીજા માટે થોડો પણ ત્યાગ કરવાની ભાવના, કૌટુંબિક ફરજોનું ભાન-આ બધું હવે ઓછું થતું જાય છે.

એક સત્ય ઘટના જાણવા જેવી છે. એક કુટુંબમાં માતા–પિતા ગુજરી ગયાં. પરિવારમાં ચાર દીકરી અને ત્રણ દીકરા હતા. સૌથી મોટી દીકરી હતી. તેના માથે જવાબદારી આવી પડી. કાકા, મામા, માસા, ફુઆ બધા ખસી ગયા. તે દીકરીના પિતા જ્યાં નોકરી કરતા હતા તે શેઠ પણ અજાણ્યા થઇ ગયા. "બાળાશ્રમમાં મૂકી દો; પૈસા જોઇએ તો અમારી પાસેથી લઈ જજો" –આવી સુંવાળી વાતો કરીને બધાં જતાં રહ્યાં. મોટી છોકરીએ, મારે લગ્ન નથી કરવા એવો નિર્ણય કર્યો. પોતે ૧૭–૧૮ વર્ષની હતી. તે વખતે નાનો ભાઈ ચાર વર્ષનો હતો. પછી તેને શિવણ કલાસમાં શિક્ષિકાબહેન તરીકે કામ કર્યું, અને બાળકોમાં સંસ્કારોનું સિંચન કર્યું. બાળકોની ધાર્મિક વૃત્તિને પણ વિકસાવી. પૈસા કમાઈને ભાઇ-બહેનોને ભણાવ્યાં, કેળવ્યાં, પરણાવ્યાં. એણે ખૂબ સારા ભાવથી વાવેતર કર્યું, તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાઇઓએ પણ એનાં સારાં ફળ આપ્યાં. કુટુંબ માટે ભોગ આપવા એક જણ પણ તૈયાર ન થાય તો આખા કુટુંબનું શું થાય? એક બહેને પોતાનાં ભાંડુઓ માટે આવો ભોગ આપ્યો, તો એનું પરિણામ કેવું સારું આવ્યું.

વીસ વર્ષ પહેલાંની આ વાત છે. પણ આ બહેનને એના શિક્ષકે સંસ્કારો આપેલા તેથી આવો સુખદ અંત આવ્યો. પણ એણે હું શા માટે ભોગ આપું? મારી જિંદગી શા માટે વેડફી દઉં? –એવા વિચારો ન કર્યા. કર્યા હોત તો એનો આખા કુટુંબ માટે કેવો બૂરો અંજામ આવત! પણ એ સંસ્કારી બહેને બધાના હિતમાં પોતાનું હિત વિચાર્યું અને કર્તવ્યબુદ્ધિથી બધું સારી રીતે પાર પાડયું.

ધાર્મિક શિક્ષણ અને સંસ્કારોની જ્યારે બહુ-જ જરૂર છે, ત્યારે જ આપણે એની ઉપેક્ષા કરી રહ્યા છીએ, એ ઓછી કમનસીબી છે? સાત ક્ષેત્રોમાં સાતે ક્ષેત્રો ભરપૂર હોવાં જોઇએ. બધાં અંગો સુડોળ હોય તો જ વ્યક્તિ દર્શનીય બને છે. બધાં અંગ પ્રમાણસર ન હોય તો શરીર બેડોળ અને રોગિષ્ઠ લાગે. પગ ખૂબ જાડા થઇ જાય તો હાથીપગાનો રોગ કહેવાય છે. પેટ મોટું હોય તો જલોદરનો રોગ નક્કી થાય છે. આજે જિનમૂર્તિ અને જિનમંદિર એ બે ક્ષેત્રો સારી રીતે વિકાસ પામ્યાં છે. સાધુ–સાધ્વી પ્રત્યે પણ ઠીક ઠીક આદર થતો જોવાય છે. પણ સાતે ક્ષેત્રને સાચવનાર શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રનું શું છે? તેના વિકાસ અર્થે કોઇ ચોક્કસ દિશામાં પગલાં ભરાતાં દેખાતાં જ નથી. અને સાતમું ક્ષેત્ર શ્રુતજ્ઞાન, તેના માટે પણ આપણી કેટલી બધી ઉપેક્ષા છે! જ્ઞાનથી શ્રદ્ધાના પાયા સુસ્થિર થાય છે. જો શ્રદ્ધા હચમચી ઊઠશે તો પછી સાધન નિર્જીવ બની જશે. જ્ઞાન એક બાજુ શ્રદ્ધાને સ્થિર–દૃઢ કરે છે, તો બીજી બાજુ આચરણમાં આનંદ આપે છે. આ શ્રુતની અવગણના કરવાથી આપણને ઘણું નુકસાન થયું છે. જ્ઞાન આપણું સાચું ધન છે, એ વાત તમારા હૈયામાં બેઠી જ નથી. તે વાતને તમે બધા મહત્ત્વ આપો તો કેવું સારું! જ્ઞાની ઉપાધ્યાય ભગવાન જ્ઞાનની લહાણ કરી રહ્યા છે. એ એમનો અનુપમ ઉપકાર છે. તેઓ માને છે કે શ્રુતરૂપી મૂળ સાબૂત હશે તો પાંદડાં, મંજરી, ફૂલ–ફળ બંધુય આવશે.

નાના–મોટા પર્વ દિવસોમાં પણ જો દેરાસર ન જઇએ, તો આપણે જૈન છીએ એવું લાગે જ નહીં. આવી આપણી દશા છે! ૨૪ કલાકમાં આપણા કેટલા કલાક ધર્મારાધનામાં વીતે છે? આજે આપણને સાધુ જેટલા ગમે છે, તેટલે અંશે સાધુતા ગમતી નથી. ચોમાસામાં સાધુ જોઈએ જ એ વિચાર વ્યાપક થતો જાય છે, પણ મારા જીવનમાં સાધુતા કેટલી આવી છે તેવો વિચાર કરો છો ખરા? બીજાના ઘરની ટેપ–રેકર્ડ જેવી ચીજો જોયા પછી જેમ એને વસાવવાનું મન થાય છે, તેમ સાધુને જોઈને, સાધુતા ગમતી હોય તો, તમને પણ સાધુ થવાનું મન થાય જ. પણ સાધુતા સારી છે, હૈયે વસાવવા જેવી છે, એવો અનુરાગ પ્રગટ થતો નથી; જો પ્રગટ થતો હોય તો તે મેળવવા માટે તમારા પ્રયત્નો હોય જ. નિત્ય સ્વાધ્યાય કરવાના નિયમ જેવો એકાદ ગુણ પણ કેળવાઈ જાય તો, તેની પાછળ પાછળ, બીજા કેટલાય ગુણો આવવા લાગે. એક ગુણ તેના અનેક સાગરીતોને લઈને આવશે. સ્વાધ્યાયથી પ્રજ્ઞા નિર્મળ થતાં, વિવેકથી તમારી બધી જીવનચર્યા જ બદલાઇ જશે અને વૃત્તિ અને પ્રવૃત્તિ બન્નેમાં પરિવર્તન આવશે. રાત્રિભોજન ત્યાગ જેવો એક નિયમ તમે પાળો તો બીજી કેટલીય ધર્મક્રિયાઓ તેની સાથે આવશે એ નિશ્ચિત વાત છે. અવગુણોની જેમ ગુણોની પણ સાંકળ હોય છે. એક ગુણનો અંકોડો પકડયો એટલે અન્ય ગુણોની સાંકળ આવી જ સમજો. તમે પ્રતિક્રમણ કરતા નથી, તમને એમ ને એમ બેસી રહેલા જોઇ કોઇ તમને આમંત્રણ અને સાથ આપે અને એથી, સદ્ભાગ્યે, તમને પ્રતિક્રમણ કરવાનું મન થાય,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો ધીમે ધીમે તમારું જીવન જ પલટાઇ જાય. એક અવિરતિ કાઢશો તો બીજી અવિરતિ પણ નબળી પડવા લાગશે, અને વિરતિ તરફનો તમારો અનુરાગ વધશે. આમાં તો માત્ર પહેલો ભૂસકો મારવાની જ હિંમત કરવાની છે થોડો વિશ્વાસ રાખીને કૂદકો મારશો તો નીચે તો સારું જ છે; વાગવાનો કોઇ ભય નથી. પણ સામાજિક પ્રતિષ્ઠા વગેરેના ખોટા ખ્યાલોમાંથી એક વાર બહાર નીકળશો અને ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરશો તો જીવન વિકાસની યાત્રા જરૂર વેગવંતી બનવાની છે. એની ખાતરી રાખશો.

મયણાસુંદરીના જીવનમાં આ જ વાત બની હતી. જે સુસંસ્કારો મળ્યા હતા. તેનું ઉત્થાન થયું. તેમાં ફાળો કોનો હતો ? –તે ઝીણવટથી વિચારીએ તો, મયણાની પાત્રતા તો હતી જ, પણ શિક્ષક અને માતા એ બેની દોરવણીની બાદબાકી કરીએ તો તેમનું જીવન જુદું જ નિર્માણ થાત; અને એમની બહેન સુરસુંદરી જેવું જ કંઇક દેખાત. પણ મયણાસુંદરીનાં જીવનની ઉજ્જવળતાની મહેક અત્યાર સુધી ટકી રહી છે. તેમાં એની માતાનો પરિશ્રમ ઓછો નથી; શિક્ષકની પસંદગીનો યશ પણ તેના ફાળે જાય છે.

પહેલાં બાળકોની સાથે સાંજે અડધો–પોણો કલાક વાર્તા-વિનોદ થતો હતો. સંતો અને સતીઓના ચરિત્રોની વાતો એમને સંભળાવવામાં આવતી હતી. પ્રેરણામૂર્તિ જેવા વ્યક્તિઓના પ્રસંગો તેમને કાને પડતા હતા. આથી બાળકના મનમાં સારા સંસ્કારો એવા વણાઇ જતા કે અવસરે તે ખૂબ ઉપયોગી અને સદાચારને ટકાવી રાખનારા બનતા. આજે કોઇને ૧૫ × ૭ કેટલા, એમ પૂછીએ તો ટપ કરી ગણતરીનું મશીન ચલાવશે અથવા ગુણાકાર કરીને જવાબ કહેશે.

શ્રી શ્રીપાળરાસના ટબામાં એવી વાત આવે છે કે, એક અંકથી માંડીને ૧૦૮ સુધીના અંકોમાંથી તેને ઘણું ઘણું જ્ઞાન મળતું. ૧–આત્મા એક છે તેને સંસારનું પરિભ્રમણ કરાવનારા ૨-રાગદ્વેષ બે છે. તેનાથી મુક્તિ માટે જીવે ૩-જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણની આરાધના કરવી જોઇએ. તે ન થાય તો છેવટે ૪–દાન, શીલ, તપ, ભાવ એ ચાર પ્રકારના ધર્મની ઉપાસના કરવી. ધર્મ મેળવવો છે ? તો ૫ પંચ પરમેષ્ઠીને હૃદયમાં ધારણ કરવા જોઇએ. તે કર્યા પછી ૬-૭ કાયના જીવોની રક્ષાનું કાર્ય કરવું જોઇએ. તેનાથી ૭ ભયનું નિવારણ થાય છે, અને સાત ક્ષેત્રોમાં પ્રીતિ થશે તેને સુદૃઢ બનાવવા માટે ૮–અષ્ટ પ્રવચન-માતાનો આદર કરવો જોઇએ તે માટે બ્રહ્મચર્યની ૯-નવ વાડો પાળવી જોઈએ. આ બધાના સારભૂત ૧૦ પ્રકારનો યતિધર્મ આદરવો જોઇએ. તે ન થાય તો શ્રાવકની ૧૧ પડિમાને વહન કરવી જોઇએ તેમાં શકિત ઓછી પડે તો ૧૨ વ્રતોની પાલના કરવી જોઇએ અને જીવે સમજીને ૧૩ કાઠિયાનો ત્યાગ કરવાનો છે. અને અંતે ૧૪ ગુણસ્થાનકોમાંથી પસાર થઇ ૧૫ ભેદમાંથી કોઈ પણ ભેદે સિદ્ધ થવાનું છે. આ રીતે બાળકને લખતાં પણ ન આવડયું હોય ત્યાં જૈનધર્મની આરાધનાનો ખ્યાલ આપે એવી પારિભાષિક સંજ્ઞાઓથી તે કેવો વાકેફ થઇ શકે છે? આમાં ગમત સાથે જ્ઞાન મળી રહે છે, પણ આજે આ બધું વીસરાઈ ગયું છે!

ઘર, નિશાળ અને ધર્મસંસ્થા—સંસ્કારસિંચનનાં આ ત્રણે ઝરણાં સુકાઇ રહ્યાં છે. તેથી બાળકની સ્થિતિ કફોડી થઈ ગઇ છે. પાશ્ચાત્ય શિક્ષણ–સંસ્કારોએ તેના મન પર અણઘટતો કબજો મેળવી લીધો છે. સુસંસ્કારો આપવાની–ધાર્મિક શિક્ષણની–પ્રવૃત્તિ પ્રત્યે હજી પણ દુર્લક્ષ સેવાતું રહેશે તો પરિસ્થિતિ વધુ બગડતી જશે. કોઇ શ્રાવકનો પુત્ર કયારેક "ષડ્જીવનિકાય" જેવો શબ્દ સાંભળશે તો આ કોઈ બીજી ભાષાનો શબ્દ છે તેમ એને લાગશે આવું ના થાય અને પરિસ્થિતિ હાથથી બહાર ન જાય, એટલા માટે અત્યારથી ચેતો, અને નવી ઊગતી પેઢીને ધર્મનું મહત્ત્વ સમજાવો. આપણે ત્યાં અભ્યાસ કરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ્ય સૂત્રગ્રંથો બે પ્રકારના છે : એક પંચપ્રતિક્રમણનાં સૂત્રો; અને બીજાં જીવવિચાર, તત્ત્વાર્થ સૂત્ર વગેરે સૂત્રો. એમાં જીવવિચાર વગેરે દ્વારા વિચારમાં જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન સ્થિર થાય છે. અને પંચપ્રતિક્રમણનાં સૂત્રો દ્વારા ધર્મમાં-આચારમાં સ્થિર થવાય છે. બન્ને સૂત્રો જીવનમાં અતિ ઉપયોગી છે. ક્રિયાકાળ સિવાયના કાળમાં, જીવનની રોજ બ-રોજની ઘટનામાં જીવવિચાર, તત્ત્વાર્થસૂત્ર વગેરેનું જ્ઞાન ખૂબ જ હિતકારક પુરવાર થાય છે. તેથી એ બન્ને પ્રકારના સૂત્રો ભણાવવાં જોઇએ. આ કર્તવ્ય આપણે ન બજાવીએ અને આપણી ઊછરતી પેઢી ધર્મનું મહત્ત્વ ન સમજે અને ધર્મવિમુખ બને તો તેની જવાબદારી આપણી જ છે, એવું સ્વીકારવું જ રહ્યું.

ધર્મતત્ત્વને સમજવા માટે જીવ, જગત ને જગન્નાથ શું છે? તદ્દ્વિષયક માન્યતા શી છે? –તે જાણવા પ્રયત્ન કરવો જોઈએ. ધાર્મિક શિક્ષકોએ આ કામ કરવાનું હોય છે. સમજણના બીજને વિકસાવવામાં તેઓ પોતાની શક્તિનો સદ્વ્યય કરે એ જરૂરી છે. આ શિક્ષણ નહીં અપાય તો આપણી નવી પેઢી ધર્મવિહીન જીવન જીવશે. એટલું જ નહીં પણ ક્યારેક, અણસમજણને કારણે, ધર્મની મશ્કરી સુદ્ધાં કરશે; આ બધું હમ્બગ્ છે એવી ઠેકડી ઉડાવશે. આવું થાય તો તેને અટકાવનાર કોણ? લાખોના ખર્ચે આલિશાન દેરાસર બંધાવો અને એમાં પરમાત્માની મોટી પ્રતિમા પધરાવો અથવા ઉપાશ્રયની ભવ્ય ઈમારત ખડી કરી દો; પણ દેરાસરમાં ભક્તિ–પૂજા કરનાર નહીં હોય અને ઉપાશ્રયમાં બેસનારા નહીં હોય તો એ બધાં શા કામનાં? શ્રીસંઘે ગંભીરપણે વિચારવાં જેવી આ વાત છે.

નવી પેઢીને સદ્ગુણ તરફી વળાંક આપવામાં આવશે તો જ આવાં ધર્મસ્થાનોનો સદુપયોગ ચાલુ રહેશે. પાણીની શક્તિને નાથવામાં નથી આવતી તો પૂરથી ગામનાં ગામ તારાજ થઇ જાય છે. અને પાણીની શક્તિને જો યોગ્ય રીતે નાથવામાં આવે તો તેથી ઉત્તમ ખેતી પણ થાય અને વીજળીના ઉત્પાદનથી માઇલો સુધીનાં અંધારાં ઉલેચાઇને ચોમેર પ્રકાશ પણ પથરાઇ જાય છે. તેવી જ રીતે યુવાશક્તિને કેન્દ્રિત અને સંસ્કારિત કરીને ધર્મમાર્ગે જોડવાથી સંઘ, સમાજ અને દેશને ઘણો જ લાભ થશે. નહીંતર આ બધાંયનું ભાવિ બહુજ નિરાશાભર્યું થવાનું છે. જેમના હૈયામાં ધર્મના મૂળ રોપાયાં નથી તેવા યુવકો કહેશે કે આ ઉપાશ્રય ખાલી પડયો છે, એમાં કોઇ સાધુ નથી, માટે અમને એ મીટીંગ માટે આપો. અને આવું ચાલ્યું તો પછી ધર્મસ્થાનક અને સંસારસ્થાનકમાં ફેર જ નહીં લાગે!

સંઘના અગ્રણીને ઘેર લગ્ન હશે, બધીજ વાડીઓ નોંધાઇ ગયેલી છે, જાનને ઉતારવા માટે બીજું કોઇ સ્થાન મળતું નથી, અને આ ઉપાશ્રય ખાલી છે, તો તે લગ્ન માટે આપો—શરૂઆત આવી જ રીતે થાય છે. પણ આવું થવા ન પામે એટલા માટે આ ધર્મસ્થાનકોમાં કોઇ પાપ–સ્થાનક સેવાય જ નહીં, એવું પાયાનું જ્ઞાન બાળપણથીજ આપવું જોઇએ. જે ઉદ્દેશથી જે વસ્તુ બનાવી હોય તેનો ઉપયોગ તે ઉદ્દેશપૂરતો જ થવો જોઇએ; ઉદ્દેશની ભિન્નતા ચલાવી ના લેવાય. આ વાત વ્યવહારમાં તો તમે ચોક્કસ માનો જ છો. ધર્મસ્થાનની પવિત્રતાની સમજણ આજે સંસ્કાર અને શિક્ષણ દ્વારા નહીં અપાય તો આવતી કાલ કેવી ઉગશે તેનો વિચાર કરો.

ફ્રીજ ખાલી પડયું છે માટે કોલસાનો ટોપલો તેમાં મૂકી દો એમ કોઇ કહે, તો તે તમે ચલાવી લેશો ખરા? તમે કહેશો કે, અરે, કોલસાને ગમે ત્યાં મૂકી દો, પણ ફ્રીજમાં તો ન જ મુકાય–આવો વિચાર ને વિવેક કોને આવે, કે જે ફ્રીજના મહત્ત્વને સમજતો હોય તેને.

એમ જે ધર્મની ઉપાદેયતા યથાસ્થિત સમજે,

( અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગિરિરાજ યાત્રા સપ્તપદી
## સોપાન ત્રીજું...

### લાવે લાવે મોતિશા શેઠ, ન્હવણ જળ લાવે રે

પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ

સં. ૨૦૪૫ કાર્તિક વદિ ૧૪, ડુંગર જૈન ઉપાશ્રય

પ્રદ્યુમ્નવિજય,

તત્ર શ્રી દેવ-ગુરુ-ભક્તિકારક સુશ્રાવક યોગ્ય ધર્મલાભ.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ મંગલ વર્તે છે. ત્યાં પણ તેમજ હો!

છેલ્લો પત્ર જેસરથી રવાના કર્યો અને બીજા દિવસે તારો પત્ર ખુંટવડા મુકામે મળ્યો. પત્ર વાંચીને તને ગિરિરાજ અંગે નવી સમજ-નવી દૃષ્ટિ મળી તેવું જાણી મારો પણ પત્ર લખવાનો ઉત્સાહ જળવાઈ રહ્યો કોઈપણ સાદનો પ્રતિસાદ અને ત પણ યોગ્ય જોઈ તો હોય છે.

તેં લખ્યું કે "ગિરિરાજ અંગે આપના ખ્યાલમાં જે કાંઇ હોય તે બધું લખવામાં આપ કંજૂસ થતાં નહીં, અને કચાશ રાખતા નહીં,"

ઠીક છે. બાકી તો તેનો મહિમા ગાતાં પાર આવે તેમ નથી. બીજા બધા તીર્થોમાં બીજું બધું હશે પણ પ્રભાવ તો માત્ર ગિરિરાજનો. આ વાત સંવિગ્નશાખાગ્રણી પૂજ્યપાદ પં. શ્રી પદ્મવિજયજી મહારાજે ચોમાસી દેવવંદનમાં બહુ સુંદર શબ્દોમાં મૂકી છે.

'માંડણી રાણકપુરની જાણો,
ઊંચો તારણગિરિરાયો.
કોરણી અંબુદગિરિની વખાણો,
મહિમા શત્રુંજય સવાયો.'

દેરાસરની બાંધણી જોવી હોય તો રાણકપુરની, એના જેવી દેરાસરની સંરચના તમને બીજે જોવા નહીં મળે. દેરાસરની ઉંચાઈ તારંગા જેવી કયાંય નથી તો બારીકમાં બારીક કોરણી તો જગપ્રસિદ્ધ આબુ-દેલવાડામાં જ મળે એવું આપણે પણ અતિશયોક્તિના રણકાર વિના કહી શકીએ. પણ મહિમા-પ્રભાવ એ તો માત્ર શત્રુંજયનો જ. તેની તોલે કોઇ ન આવે. ભારતભરના તીર્થોમાં જાવ, તિર્થનો પ્રભાવ તો અહીં જ અનુભવવા મળશે એટલે હું જે કાંઇ લખું તે તો શત્રુંજયના મહિમાના સિંધુનું બિંદુ અને તે પણ એકમાત્ર સોયના અગ્રભાગ ઉપર રહે તેવું અને તેટલું બિંદુ જ સમજજે.

શ્રી કલ્પસૂત્ર માટે આપણે ત્યાં કહેવાય છે તે આ ગિરિરાજ માટે પણ કહી શકાય.

'મોમાં જીભ હજારો હો, ને હૈયે નાણ કેવલ
તથાપિ તીર્થ માહાત્મ્ય, માનવ કહીના શકે'

તો પણ શકય એટલું હું તને જણાવવા પ્રયત્ન કરીશ.

હાં, તો આપણે કેટલે આવ્યા હતા? રામપોળમાં પ્રવેશ થઇ ગયો. ત્યાંથી તમે જેવા આગળ વધશો એટલે શ્રી મોતીશા શેઠના દેરાસરની આગળના બગીચામાં ઉભેલા સોનચંપાના વૃક્ષોમાં ઝુમતાં પીળાં ચટ્ટક નાના-નાના પુષ્પોની મહેક-મહેંક થતી સુગંધ તમને વીંટળાઈ વળશે, આ સોનચંપાના વૃક્ષ અન્યત્ર બહુ દુર્લભ છે. આખા આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાલનપુર પંથકમાં બીજે કયાંય ઉગરતાં જ નથી. આબુ-અચલગઢ ઉપર જોયા છે. હા. પાલનપુર પંથકમાં ઘણાં પણ અહીં આ તરફ તો અહીં જ છે. એ બગીચાની બાજુમાં જ પાણીનો વિશાળ કુંડ છે. તે જોઈને કોઈ કવિએ ગાયું છે.

શીળું આ કુંડ કેરું સલિલ સ્થિર બની
શાંત એકાંત સેવે,
તેને ધીમે રહીને રવિકર રસિલા
આપી ઉષ્મા જગાવે,
ને પેલો વાયુ વેગે વ્યજન વિરચતો
ઉષ્ણતાને ઉઠાવે,
એ સ્પર્ધા જોઈ મીઠી હસી હસી હળવે
વારિ નાચે વિનોદે,

આ મોતીશા શેઠ એ વર્તમાનકાળમાં જ થઇ ગયા ગણાય. શ્રાવક હોય તો આવા હોય એવું કહેવાનું મન થાય તેવા એ શ્રાવક હતા. જાજરમાન વ્યક્તિત્વથી દીપતાં હતા.

શું પ્રભુભક્તિ શું આગવી પ્રભુશાસનશૈલીની સૂઝ હતી! તે તને ટૂંકમાં જણાવું.

મોતીશા શેઠે જ્યાં આ ભવ્ય વિશાળ જિન-મંદિરોની શેરી જેવા મહાચૈત્યનું નિર્માણ કર્યું ત્યાં મોટો કુંતાસરનો ખાડો હતો. તે પહેલાં તો પૂરવો પડે. પછી ત્યાં સમથળ ભૂમિ કરીને ચૈત્યનું નિર્માણ થઇ શકે. મહાપ્રયત્ને એ કાર્ય કરીને ચૈત્ય અને પ્રતિમાજીના નિર્માણના કાર્યમાં તેઓ પરોવાયા.

આ દેરાસર તેઓએ દાદાની ટૂંકને સામે રાખી આબેહૂબ તેની જ અનુકૃતિ રૂપ પ્રતિકૃતિ બનાવી છે. જેમ દાદાની ટૂંકમાં દાદાની બરાબર સામે શ્રી પુંડરીકસ્વામીજી છે તેમ અહીં પણ એજ રીતે એ સ્થાને શ્રી પુંડરીકસ્વામીજી પધરાવ્યા છે. તેમના ચરિત્રમાં એવું નોંધ્યું છે કે આ શ્રી પુંડરીકસ્વામીજીની જે મૂર્તિ છે તે શિલ્પશાસ્ત્ર મુજબના સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. અને સાચે જ એ પ્રતિમાજી જોઇને મન અને નયન ઠરે છે, હરખાય છે. એ દર્શન ખાસ કરવા જેવાં છે. મોટાભાગના લોકો દાદાને ભેટવાની ઉતાવળમાં આ વચ્ચે વચ્ચે આવતાં જિનમંદિરોને કુદાવીને સીધા ત્યાંજ પહોંચી જાય છે! પણ તમે બધા આ મોતીશા શેઠની ટૂંકમાં જરૂર જજો.

એ પુંડરીકસ્વામીજીના પ્રતિમાજી જ્યાં છે ત્યાં જ રંગમંડપના એક ગોખમાં શ્રી મરુદેવામાતા અને તેમના ખોળામાં નાનકડો રિખવો. એવા એક પ્રતિમાજી છે એવી તો નાજુક અને મજાની કલાકૃતિ બની છે કે જોયા જ કરીએ. પ્રાય: આ રીતે મરુદેવામાતા અને ઋષભદેવની પ્રતિમા અન્યત્ર જોવા મળતી નથી.

મૂળ નાયક શ્રી આદીશ્વરદાદાનું બિંબ પણ એવું જ મનોહર છે. આ બધાં પ્રતિમાજી વિધિપૂર્વક ભરાવેલા. એ બધી વિધિ પણ જાણવા જેવી છે. અને આજે જ્યારે આપણે પ્રતિમાજી બજાર માંથી જ લાવીએ છીએ ત્યારે તો ખાસ.

જે શિલ્પી-સોમપુરાઓને પ્રભુજીના પ્રતિમાજી ઘડવા માટે રોકયા હોય તેઓને એક મહિના અગાઉથી તાલિમ આપે. મોંના ઉચ્છવાસમાં પણ દુર્ગન્ધ ન રહે અને તેથી પ્રભુજીના પ્રતિમાના પાષાણની પણ આશાતના ન થાય તે માટે શિલ્પીઓના મોંમાં મૂકયા કેસર-કસ્તુરી અંબર-બરાસ વગેરે સુગંધ ભરપૂર દ્રવ્યોની બનાવરાવીને આપી. જેથી ઉચ્છવાસ સુગંધી રહે, જમવાની રસોઇ પણ અલગ કરાવતા જેમાં પૌષ્ટિક દ્રવ્યો હોય અને વાયડા એક પણ પદાર્થ ન હોય જેથી અધોવાયુ દ્વારા પણ વાતાવરણ દૂષિત, અશુદ્ધ કે મલિન ન બને મુખકોશ બાંધીને, શુદ્ધ વસ્ત્રો પહેરીને જ શિલ્પીઓ પ્રતિમા ઘડતા. અખંડ ધૂપ-દીપ રખાવતા. આવી કાળજી રાખીને મૂર્તિના નિર્માણનું કાર્ય કરાવેલું હતું. આ સાંભળી-જાણી પ્રતિમા આ રીતે ભરાવવા જોઇએ તેવું નથી લાગતું!

એ જ ચોગાનમાં એકબાજુ મોતીશા શેઠના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનીમે બંધાવેલું બિશાળ જિનાલય છે. આ પણ યાદગાર ઘટના છે.

મોતીશા શેઠની ટૂંકમાંથી બહાર આવીએ એટલે એક રસ્તો ઘેટીની પાજ તરફ જવાનો આવે. ત્યાં આમ પગથીઆ ચઢીએ એટલે મોટો દરવાજો આવે. આ પોળનું નામ શું? તને ખબર છે? એ પોળનું નામ બહુ ઓછા લોકોના ખ્યાલમાં હોય છે. એ પોળનું નામ છે. સગાળપોળ.

એથી આગળ વધીએ એટલે સામે પોળ આવે વાઘણપોળ.

અહીંથી હવે શિખરોનું નગર શરુ થાય છે.

શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરથી શરૂ થતી યાત્રા હવે આગળ ઉપર રાખીએ. આજે ડુંગર આવ્યા છીએ. આવતી કાલે પ્રાયઃ રાજુલા જઇશું. આ પ્રદેશમાં પહેલીજવાર આવ્યા.

પત્ર શાંતિથી વાંચજે. અને ફરી-ફરી વિચારજે. શ્રી મોતીશા શેઠની પણ બીજી જાણવા જેવી વાતો એમના 'શેઠ મોતીશા' નામના પુસ્તકમાં છે. તે પુસ્તક મેળવીને વાંચજે. આવા આદર્શ શ્રાવકો તો ઉનાળાની પહેલી રાતે તારાના દર્શન જેવા વિરલ થઇ ગયા છે.

ઘેર બધાને ધર્મલાભ.

પત્ર હવે તો ઉનાના સરનામે લખવાથી મળી રહેશે.

રાજહંસવિજયજી શાતામાં છે. ધર્મલાભ જણાવ્યા છે.

એજ

પ્ર.



( અનુસંધાન પાના નં. ૯ નું ચાલુ)

તે સામાજિક કાર્યો માટે ઉપાશ્રય વગેરે વાપરવાનો વિચાર સરખોય ન કરે. ઉપાશ્રય ભલે ને ખાલી હોય, પણ સંસારના કામ માટે એનો દુરુપયોગ તો ન જ થાય. માટે કોઇ વિષયનો નિર્ણય કરવામાં તમારી મતિનો ઉપયોગ ન કરવો જોઇએ, પણ શાસ્ત્રમતિથી જ તે કાર્ય કરવું-કરાવવું જોઇએ. અને તે માટે ગીતાર્થ ગુરુભગવંતની નિશ્રા સ્વીકારવી જોઇએ.

આજે શિબિર દ્વારા ધાર્મિક શિક્ષણ અપાય છે તે આવકારદાયક તો છેજ, પણ જરૂરત કરતાં તેમાં લાભ લેનારની સંખ્યા અને સમયની મર્યાદા બન્ને દૃષ્ટિએ તે ઘણું અપૂરતું છે; મતલબ કે જેમ નિશાળમાં રોજ વિદ્યાર્થી જાય છે, તેમ તેને રોજ ધર્મના સંસ્કાર ને શિક્ષણ મળવા જોઇએ. અને શિક્ષણ આપનાર શિક્ષકોને પણ માનની નજરે જોવા જોઇએ. તેઓની સાથેનો આપણો વર્તાવ વિનય ભર્યો અને મધુર હોવો જોઇએ. કેમ કે તેઓ જ્ઞાનનું દાન કરે છે. વિદ્યાર્થીના ઘડતરમાં શિક્ષકનું કેવું મહત્ત્વનું સ્થાન છે. તેનો ખ્યાલ આવે તો આપણને લાગે કે શિક્ષકો ખૂબ સન્માનનીય છે.

આ ભવના અમૂલ્ય જીવનને ઉજ્જવળ કરનાર, પરભવમાં પણ સંસ્કારસંપન્ન માનવભવ અને પરમકૃપાળુ પરમાત્માનું લોકોત્તર શાસન વગેરે સામગ્રીને સુલભ બનાવનાર સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાનો સતત ઉદ્યમ કરવો-કરાવવો, જેથી ઉત્તરોત્તર મંગળમાળા પ્રાપ્ત થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૃત્તિઓ

રતિલાલ માણેકચંદ શાહ

આપણા મનની અંદર જે અલગ અલગ પ્રકારના વિચારો આવિષ્કાર પામે છે. તેનું સ્હેજ વિશેષ ગાઢ સ્વરૂપ જામે છે, ત્યારે તેને વૃત્તિ કહેવામાં આવે છે. વૃત્તિઓનું ઉગમસ્થાન મન છે. આ વૃત્તિઓ બીજ જેવી છે. જેમકે એક બીજમાંથી અનેક બીજો પેદા કરી શકાય છે. તે વૃત્તિઓ સાથે રાગ કે દ્વેષવાળી લાગણીઓ ભળે છે. એટલે તેમાંથી વિવિધ વૃત્તિઓ આવિર્ભાવ પામે છે. આપણો ચોવીસે કલાકનો વ્યવહાર આ વૃત્તિઓને આગળ વધવામાં મદદ કરે છે.

નવીન કર્મના બંધનો અને તેને કારણે અનાગતમાં કેવો જન્મ ધારણ કરવો તે પ્રત્યેક આ મનમાં પ્રાદુર્ભૂત થતી વૃત્તિઓ પર આધારીત છે. જો મનની અંદર સાત્વિક ભાવવાળી વૃત્તિઓનો પ્રાદુર્ભાવ કરીએ અથવા તો આપણે અત્યંત આત્મજાગૃતિ રાખી પ્રખર પુરુષાર્થથી પરમાર્થવાળું વર્તન રાખીને સાત્વિક ભાવવાળી વૃત્તિઓનેજ વ્યવહારના પ્રત્યેક પ્રસંગોમાં ટકાવી રાખીએ તો આપણું સાંપ્રત જીવન અને અનાગતનો જન્મ ઉત્કૃષ્ટ બનાવી શકીએ તે નિ:શંક છે.

જો આપણું વર્તન ફક્ત વ્યવહારને અનુલક્ષીનેજ અને પરમાર્થ પણ વ્યવહારને અનુકૂળ થાય તેવો રાખીએ તો રાજસ પ્રકૃત્તિને પ્રોત્સાહન આપણી વૃત્તિઓથી આપણું જીવન મધ્યમ, પ્રકારનું ઘડાય છે. અને જો આપણું વર્તન કેવળ સ્વાર્થી લાગણીઓવાળું, વાસનાઓને પ્રોત્સાહન આપનારૂ અને તે પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારની રૌદ્ર પ્રવૃત્તિવાળું હોય, અનેક જીવોનો ખાત્મો બોલવનારૂં હોય તો સમજી લેવું કે, આપણી મનોવૃત્તિઓ તામસ ભાવનું પોષણ પામી આવતા જન્મને દુ:ખરૂપ પેદા કરે છે. ટુંકાણમાં કહેવામાં આવે તો આપણી મનોવૃત્તિઓનો સાત્વિક. રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારમાં સમાવેશ થાય છે. આ ત્રણે પ્રકારની વૃત્તિને વિવેક અને વિચારથી ફેરવી શકાય છે. ગમે તેવા વિકટ પ્રસંગોને પણ વિચારશક્તિ વડે અને વિવેકની મદદથી અલગ રૂપમાં આપણે આપણા અંતરમાં બદલાવી શકીએ છીએ. તામસી અને રાજસી પ્રકૃતિને સાત્વિકના રૂપમાં પરિવૃત્તિત કરીને, આત્માની અધોગતિને બદલે ઉત્તમ ગતિમાં લઈ જવાનું સામર્થ્ય આપણા બાવડામાં છે. તેવા શ્રેષ્ઠ પ્રસંગને. સમય આવતા આપણે ગુમાવીએ નહિ જો તેમ ન કરીએ તો લાંબા સમયથી પોષાયેલી હલકી વૃત્તિઓ પોતાનો દુ:ખપ્રદ પ્રભાવ બતાવ્યા વગર રહેશે નહિ.

વિશ્વમાં મહાન ગણાતા માનવીઓનુ વૃત્તિઓનું પોષણ પણ મહાન હોય છે, પણ જો તેને આત્માનું ભાન હશે અને વૃત્તિઓથી આવિષ્કાર પામતા સુખ–દુ:ખનું તેમને જ્ઞાન હશે, તો તે હલકી વૃત્તિઓને પોષણ નહીં આપે. જેમ નીચ વૃત્તિવાળું જીવન તેમ નીચ વૃત્તિઓનુંજ પોષણ થવાનું અને જેમ ઉત્કૃષ્ટ વૃત્તિવાળું જીવન, તેમ તેની વૃત્તિઓ પણ શ્રેષ્ઠ જાતનુંજ પોષણ પામવાની.

[ અનુસંધાન પાના નંબર ૧૫ પર જોઓ ]



For Private And Personal Use Only

# લંડન–બકીંગહામ પેલેસમાં પ્રિન્સ ફિલિપ્સના હસ્તે જૈન ધર્મના પુસ્તકનું વિમોચન

વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચરના અધ્યક્ષ ડ્યુક ઓફ એડીનબરો પ્રિન્સ ફિલિપે સમગ્ર વિશ્વનું અને તમામ ફિરકાઓનું પ્રતિનિધિત્વ ધરાવતાં જૈન સમાજના અગ્રણીઓ અને વિદ્વાનોને જણાવ્યું કે તમારા ધર્મનાં સિદ્ધાંતોમાં પ્રકૃતિ, પ્રાણીજીવન અને પર્યાવરણની જાળવણીના વ્યવહારિક અમલ માટે "વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર" તમામ સહાય કરશે, આ પ્રસંગે ડ્યુક ઓફ એડીનબરો પ્રિન્સ ફિલિપે વિશ્વની વસ્તીવધારો, કુદરતી સંપત્તિનો દુરુપયોગ જેવી વર્તમાન સમસ્યાઓ અંગે જૈન ધર્મના દૃષ્ટિબિંદુ વિશે માહિતી મેળવી હતી અને તમામ જૈનોને એકત્રિત થઈને "જૈન ડેક્લેરેશન ઓફ નેચર" રજૂ કરવા માટે ધન્યવાદ આપ્યાં હતાં. ઓશવાળ એસોશિએશન અને નવનાત વણિક એસોશિએશન ઓફ યુ. કે. ના સંયુક્ત પ્રયાસથી ભારતની બહાર જૈન ધર્મનાં પ્રસારનો આ સર્વ પ્રથમ ભગીરથ પ્રયાસ બની રહ્યો.

તા. ૨૩મી ઓક્ટોબર ૧૯૯૦ના શુભ દિને બકીંગહામ પેલેસમાં યોજાયેલા સમારંભમાં જૈન સમાજના અગ્રણી શ્રી દીપચંદ ગાર્ડીએ પુસ્તકની અર્પણવિધિ કરી હતી અને એ દ્વારા ઈન્ટરનેશનલ નેટવર્કમાં પોતાની આધ્યાત્મિક અને નૈતિક વિકાસસરણી દ્વારા પર્યાવરણ માટે પ્રયત્નશીલ થનારા ધર્મોમાં જૈન ધર્મ આઠમો ધર્મ બન્યો. આ પુસ્તક તૈયાર કરવામાં ડો. એન. પી. જૈન, પૂ૦ આત્માનંદજી જેવા વિશ્વના ૨૫ વિદ્વાનોનો સહયોગ લેવામાં આવ્યો હતો અને એને આખરી ઓપ ભારતની સુપ્રિમ કોર્ટના સીનીયર એડવોકેટ ડો. એલ. એમ સીંઘવીએ આપ્યો હતો. તેઓએ આનો ખ્યાલ આપતાં જણાવ્યું કે જૈન ધર્મની આધારશિલા જ પ્રકૃતિની જાળવણી છે. આ ધર્મે દરેક જીવો પ્રત્યે અહિંસાની ભાવના પ્રગટ કરીને "પરસ્પરોપગ્રહો જીવાનામ્"ની ભાવના આપી છે. જ્યારે ઈંગ્લેન્ડના ઓશવાળ એસોશિએશનના પ્રમુખ શ્રી રતિભાઈ શાહે ખાતરી આપી હતી કે આ પ્રસંગે અમે જે વિચારો રજૂ કર્યા છે તેને જરૂર અમલમાં મુકીશું, નવનાત વણિક એસોશિએશન ઓફ યુ. કે. ના પ્રમુખ શ્રી વિનોદ ઉદાણીએ ક્ષમાપના દ્વારા જૈનધર્મની ભાવનાનો પરિચય કરાવ્યો હતો.

પર્યાવરણની જાળવણી અંગેના આંતરરાષ્ટ્રીય જૈન સમાજના કાર્યક્રમોનો ખ્યાલ આપતાં ડો. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે આ ડેક્લેરેશનને જુદી જુદી ભારતીય ભાષાઓમાં અનુવાદ કરીને માત્ર જૈન સમાજ જ નહીં પણ વિશ્વ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરાશે. આ ઉપરાંત ડ્યુક ઓફ એડીનબરો સાથેની ચર્ચામાં પર્યાવરણ અંગેની સમાચાર સંસ્થા. પર્યાવરણ–વિજ્ઞાનની અભ્યાસ અને સંશોધન માટેની સંસ્થાઓ સ્થાપવા તેમજ વિશ્વભરમાં એક દિવસ "અહિંસા દિવસ" તરીકે રાખવાનો અનુરોધ કર્યો હતો. જે દિવસે વિશ્વના તમામ લોકો શાકાહાર કરે અને તે દ્વારા પ્રાણીઓનું મહત્વ સમજે તથા શાકાહારના ફાયદાઓનો જાતઅનુભવ મેળવે. એવી જ રીતે ડો. કુમારપાળ દેસાઈએ જૈન તીર્થોને વધુ હરિયાળા બનાવવા તેમજ જૈન સંસ્થાઓ પાસેની વિશાળ જમીનોનો પ્રકૃતિ માટે યોગ્ય ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું. ઈન્ડીયન મરચન્ટ ચેમ્બરની પ્રથમ મહીલા પ્રમુખ શ્રીમતી સરયુ દફતરીએ કહ્યું હતું કે જૈન ધર્મમાં અહિંસા અને શાકાહાર મહત્વનું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાન ધરાવે છે. આનો યોગ્ય સ્વીકાર કરવામાં આવે તો જગતમાં પ્રકૃતિની જાળવણી અને સમતોલન સાધી શકાય જૈનોનાં રોજિંદા જીવનમાં પણ આ સિદ્ધાંતોનો અમલ જોવા મળે છે.

આ સમારંભની પૂર્વે શ્રી નેમુ ચંદરીયાના નિવાસ સ્થાને તમામ ડેલીગેટો અને સમાજનાં અગ્રણીઓ એકત્ર થયાં હતાં. આગમસૂત્રો અને ભક્તિગીતોના ગુંજારવ સાથે સહુને કુંકુમતિલક કરીને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આને પરિણામે એક અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. એ પછી શ્રી મનુ ચંદરીયાએ "જૈન ડેકલેરેશન ઓફ નેચર"નું વાંચન કર્યું હતું. બકીંગહામ પેલેસમાં પહેલી જ વાર નમસ્કાર મહામંત્ર અને ક્ષમાપનાનું ઉચ્ચારણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશ્વના તમામ જૈનો અને જૈનોના તમામ ફિરકા તથા સંપ્રદાય એકત્રિત થયા તે ઘટના ઐતિહાસિક બની ચૂકી. બકીંગહામ પેલેસમાં યોજાયેલા આ મહત્વનાં સમારંભમાં ભારતથી સર્વશ્રી દીપચંદભાઈ ગાડીં, સરયુબેન દફતરી, પૂ. આત્માનંદજી, ડો. કુમારપાળ દેસાઈ ગુલાબચંદ ચીંડાલીયા, સી. એન. સંઘવી, મનહરલાલ શાહ (રૂણી મીક્સ) ડો. એલ. એમ. સીંઘવી, ડો. વી. સંઘવે શ્રી મનુભાઇ ચંદરીયા (કેન્યા), શ્રી નગીનભાઈ દોશી (સિંગાપુર), ડો. સુલેખ જૈન (અમેરિકા), મેડમ કાયા (ફ્રાંસ). વિજય શાહ (બેલ્જીયમ) તથા બ્રિટનમાંથી સર્વશ્રી અરુણભાઇ દોશી, નેમુભાઈ ચંદરીયા, રતિભાઈ શાહ, વિનોદભાઇ કપાસી, વિનોદભાઇ ઉદાણી, ઝવેરચંદ હરીયા તથા ડો. નટુભાઇ શાહ ઉપસ્થિત રહ્યા હતાં. હવે પછી જૈન ઈન્ટરનેશનલ સેકેડ લીટરેચર ટ્રસ્ટ દ્વારા વ્યાપક ધોરણે જૈન ધર્મગ્રંથોના વિશ્વવ્યાપી પ્રકાશનનું અને પ્રકૃતિ પર્યાવરણના કાર્યોનું આયોજન થઇ રહ્યું છે.

---

[ અનુસંધાન પાના નંબર ૧૩નું ચાલુ. ]

સારા નિમિત્તથી અને ખરાબ નિમિત્તથી વૃત્તિઓમાં ફેરફાર થયા સિવાય રહેતો નથી.

જેવી જેવી વૃત્તિઓને આપણે અપનાવીએ છીએ, તેવાં તેવાં ભાવિ ફળો ભોગવ્યા સિવાય ચાલે તેમ નથી. એટલે પરમાર્થના કે વ્યવહારના પ્રત્યેક પ્રસંગમાં માનવીઓએ, સ્વવૃત્તિઓને તપાસતા રહેવું અત્યંત આવશ્યક છે. વૃત્તિઓના મૂળ કારણ તરફ પણ દૃષ્ટિ દોડાવવી, તેના ભવિષ્યના ફળ કે સંસ્કાર કેવા પડે છે તે તરફ પણ લક્ષ આપવું જરૂરી છે. એક વૃત્તિમાંથી વિવિધ વૃત્તિઓ કેવી રીતે આવિર્ભાવ પામે છે તે પણ ધ્યાનમાં રાખવું. આ પ્રમાણે તલાસ કર્યા કરવાથી, તેવા પ્રસંગમાં પોતે મુકાયો હોય, તો તે પ્રસંગે પોતે કેવી વૃત્તિ રાખે, કેવું આચરણ કરે, તે તે સંદર્ભના નિશ્ચયો અચારથી જ કરતો રહે, તો અનાગતમાં તેવા પ્રસંગો સમયે સવિશેષ જાગૃતિ અને નવીન બીજવાળી વૃત્તિઓને રોકી શકવાનું બળ પ્રાપ્ત કરી શકે.

પ્રભુના પથ પર આગળ ધપવાની ઉત્કંઠા ધરાવતા પ્રત્યેક માનવીને, વ્યવહારના પ્રત્યેક પ્રસંગમાં પોતાની વૃત્તિઓનું અવલોકન કરતા રહેવું જોઇએ.

સાચું ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે વૃત્તિઓને પિછાની, તે વૃત્તિઓઓને ઉર્ધ્વગામી બનાવવામાં જ રહેલું છે. એટલે કે, તમો ગુણમાંથી રજોગુણમાં અને રજોગુણમાંથી સત્વગુણમાં આવવું. જ્યાંસુધી આવો પ્રયત્ન કરવામાં આવતો નથી, ત્યાં સુધી આપણું હૃદય પવિત્ર બનતું નથી. અને અનેક જન્મો સુધી ધર્મ આચરવા છતાં પણ તેનું ફળ જે મળવું જોઈએ તે મલતું નથી માટે વૃત્તિઓને તપાસતા રહેવું અને તેનું ઉર્ધ્વગમન કરવું જેથી આવતા ભવો દુઃખપ્રદ ન બને અને તેટલા પ્રમાણમાં પવિત્રતાનું પ્રગટીકરણ થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉભયનયની આવશ્યકતા

પ પૂ. પં. ભદ્રંકરવિજયજી

વ્યવહારનયને ન સ્વીકારવાથી તીર્થનો વિચ્છેદ થાય છે. તે વ્યવહારનયનું બીજ 'પરસ્પરોપગ્રહો જીવાનામ' છે.

નિશ્ચયનયને ન સ્વીકારવાથી તત્ત્વનો વિલોપ થાય છે. તેનું બીજ 'उपयोगो लक्षणम्' સૂત્ર છે.

'ઉપયોગે ધર્મ'ના ટંકશાળી સૂત્ર અનુસાર, તે તત્વજીવી છે, જેનો ઉપયોગ આત્મતત્વમાં છે.

આ ઉપયોગ લક્ષણ કોઈ કાળે નાશ પામતું નથી. તે જાણવા છતાં નાશ પામનારા પદાર્થો કાજે એકતા કરવાથી આત્મોપયોગથી ભ્રષ્ટ થવાય છે, એટલે માનવી લક્ષ્યભ્રષ્ટ થઈને ચારગતિમાં ભટકે છે.

જે કદી પોતાના ઉપયોગથી ભ્રષ્ટ થતો નથી, તેનો (તે આત્માનો) દુરૂપયોગ કદી ન કરવો, તે તત્ત્વમતિવંતનું લક્ષણ છે.

અતત્ત્વને ઉપયોગ હોતો નથી, કારણ કે તે ચેતનારહિત છે.

વ્યવહાર નયના બીજરૂપ 'પરસ્પર ઉપગ્રહકારકતા' અને નિશ્ચય-નયના બીજરૂપ 'ઉપયોગ', આ ઉભયનો વિવેકપૂર્ણ સમાવતાર કરનારો સાધક મોક્ષમાર્ગમાં સરળતાથી આગળ વધી શકે છે.

બીજા બધા મારા ઉપકારી છે. માટે મારાથી કોઈ પર અપકાર ન કરાય એ નિયમને જીવનમાં વણવાથી વ્યવહારધર્મ નિશ્ચયધર્મનો પાયો બને છે. પછી આત્મજીવીપણું સુલભ બને છે.

સ્વને અહંકાર રહિત બનાવવામાં 'પર'ની અમાપ ઉપયોગિતા છે.

જ્યાં અહંકાર રહિતતા છે, ત્યાં હૃદયની વ્યાપકતા છે, વિશુદ્ધિ છે, એથી વ્યવહારનય અંતઃકરણની વિશુદ્ધિ કરે છે. માટે ઉપાદેય છે. અંતઃકરણની વિશુદ્ધિ રત્નત્રયીની પુષ્ટિ કરે છે. અને તેના ફળ સ્વરૂપે 'આત્મા' હાથ લાગે છે,

જે કદી પોતાના ઉપયોગને છોડતો નથી, તેના ઉપયોગમાં રહેવામાં જીવનની સાર્થકતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવ સ્મરણ કંઇ રીતે ગણવા ?

(૧) નમસ્કાર-મંત્રનું સ્મરણ કરતી વખતે પંચ પરમેષ્ઠિ અથવા નવપદનો આકાર આંખ આગળ રાખવો.

(૨) ઉવસગ્ગહરંનો પાઠ કરવાના સમયે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને યાદ કરવા.

(૩) સંતિકરં ગણતા શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરવું.

(૪) વિજય મુહૂર્તના સ્મરણ સમયે એકસો સિત્તેર જિનનો યંત્ર આંખ સામે રાખવો.

(૫) નમિઉણના પાઠ વખતે ચિંતામણી-પાર્શ્વનાથને યાદ કરવા.

(૬) અજિત શાંતિ ગણતી વખતે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ રાખવું.

(૭) ભક્તામર ગણતા શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનું ધ્યાન ધરવું.

(૮) કલ્યાણ મંદિરના સ્મરણ સમયે પાર્શ્વનાથ-પ્રભુને સંભારવા.

(૯) બૃહત્શાંતિના પાઠ સમયે ચોવીશે-ચોવીશ જિનની પ્રભુ-પ્રતિમાઓ નજર સમક્ષ યાદ કરવી.


## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે, કિંમત રૂા. ૭-૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧ લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨ જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩ જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્માણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત વ્યાખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ. આ. શ્રી વિ કસ્તૂરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only